પાદરા બજાર સમિતિની યોજાયેલ ચુંટણીમાં ભાજપા પ્રેરિત પેનલના સૂપડા સાફ – સહકારી ક્ષેત્રે દિનુમામાનો દબદબો યથાવત

# પાદરા APMCમાં દિનુમામા પ્રેરિત પેનલનો ભવ્ય વિજય

**દિનુમામાની** પેનલના તમામ ઉમેદવારો વિજેતા સમર્થકો-કાર્યકરોમાં ઉત્સાહ





(પ્રતિનિધી) પાદરા.તા.18

પાદરા તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ખેડૂત વિભાગની બેઠકો માટે યોજાયેલી ચૂંટણીના મતગણતરીના પરિણામો આજે જાહેર થતાં જ દિનુમામા પ્રેરિત ખેડૂત સહકાર પેનલના તમામ ઉમેદવારો વિજયી જાહેર થતા કાર્યકરો અને સમર્થકો એ ફટાકડા ફોડી મો મીઠું કરાવી ફૂલહાર પહેરાવી વિજય ઉત્સવ મનાવ્યો હતો.

બજાર સમિતિની ખેડૂત મત વિભાગની ૧૦ બેઠકો માટે યોજાયેલી ચુંટણીનું આજે વહેલી સવાર ના ૯ કલાકે શરુ થવા પામી હતી. જેમાં ચુંટણી અધિકારી ની દેખરેખ હેઠળ સ્ટાફ ના માણસો દ્વારા ચુંટણી મત ગણતરી નો પ્રારંભ થયો હતો. ભાજપા પ્રેરિત ખેડૂત પ્રગતિ પેનલના તમામ ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે ભાજપા વર્ગોમાં ભારે નિરાશા છવાઈ ગઈ છે. મતગણતરીની શરૂઆતથી જ પહેલા રાઉન્ડથી દિનુમામા પ્રેરિત ઉમેદવારો લીડમાં રહ્યા હતા અને અંતે સમગ્ર ૧૦ બેઠકો પર ખેડૂત સહકાર પેનલનો વિજય નોંધાયો હતો. એપીએમસી પાદરામાં છેલ્લા ૩૦ વર્ષથી દિનુમામાનો દબદબો યથાવત રહ્યો છે. અગાઉ સરપંચોની ચૂંટણીમાં પણ દિનુમામા પ્રેરિત પેનલને વિજય મળ્યો હતો. હવે સહકારી ક્ષેત્રે પણ તેમની જ પેનલનો વિજય થયો છે. જેમાં હવે કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય જશપાલસિંહ પઢિયાર અને કોંગ્રેસ ના કાર્યકરો પણ આ વિજયઉત્સવ માં ઉપસ્થિત રહ્યા હતા. અને સમર્થન આપ્યું હતું. ચૂંટણીના ચિત્ર પરથી સ્પષ્ટ થાય છે કે ભાજપા પ્રેરિત ઉમેદવારોને પોતાની જ રચેલી મંડળીમાંથી પૂરતા મત મળ્યા નથી. ભાજપા નેતા પ્રધ્યુમ્નસિંહ ચૌહાણ અને ભાસ્કર પટેલે સ્વીકાર્યું કે "મામા હોય એટલે જ અમે બજાર સમિતિમાં હતા." ભાસ્કર પટેલની પત્ની હીનાબેન પટેલને પાંચમા રાઉન્ડથી જ પરાજયની આશંકા થતાં તેઓ મતગણતરી સ્થળેથી નીકળી ગયા હતા. સહકારી ક્ષેત્ર મૂળ રાજકારણમુક્ત હોવું જોઈએ, પરંતુ અહમ અને જૂથવાદના કારણે "ઘર કુટે ઘર જાય" જેવી સ્થિતિ સર્જાઈ છે. ધાબળા કાંડ પછી ચર્ચિત બનેલા એક વ્યક્તિના અહમના કારણે આખી પેનલ ડૂબી ગઈ હોવાનું સહકારી વર્તુળોમાં મનાય છે. બીજી તરફ વડોદરા જિલ્લા ભાજપા પ્રમુખ રસિક પ્રજાપતિએ ભાસ્કર પટેલની પત્ની હીનાબેન પટેલને આપેલો મેન્ડેટ ભારે પડ્યો હોવાનું ચર્ચાય છે. કાર્યકરોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે જિલ્લા પ્રમુખે માત્ર એક વ્યક્તિને – જેઓ ધાબળા કાંડમાં વખોડાયા હતા – તેમને બચાવવા માટે તેમની પત્નીને મેન્ડેટ આપ્યું, જેના કારણે આખી પેનલ ડૂબી ગઈ. સ્થાનિક સ્તરે માંગ ઉઠી છે કે હવે સહકારી ક્ષેત્રમાંથી આવા વિવાદાસ્પદ ચહેરાઓને દૂર રાખવા જોઈએ, નહીં તો આગામી સ્થાનિક ચૂંટણીમાં ભાજપાને વધુ મોટો આંચકો ભોગવવો પડી શકે છે. તાજેતરમાં પીપળી ગામના માજી સરપંચ કોંગ્રેસ છોડીને ભાજપામાં જોડાયા હતા, જે પણ આ હારનું એક કારણ ગણાય છે.

### સહકારી વિભાગની ચુંટણીમાં આજે દાખલો બેસાડ્યો

પાદરા ખેતીવાડી બજાર સમિતિની ચૂંટણીમાં મત ગણતરીની સાથે દિનુમામાની એન્ટ્રીથી સમર્થકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો, દીનુંમામાએ જણાવ્યું હતું કે ગમે તેવી પરિસ્થિતિમાં મતદારો પેનલ સાથે અડીખમ રહી જંગી મતો થી જીત અપાવી છે ૧૯૯૪ થી બજાર સમિતિમાં આખે આખી પેનલ ચુંટાઇ આવે છે. પાદરા તાલુકાના ખેડૂતોને અન્યાય નહિ થાય. એ રીતે આગામી ૫ વર્ષ સુધી એપીએમસીના ડીરેક્ટરઓનું બોર્ડ બનાવાશે. વાઘબારસ અને ધનતેરસ ભેગી થઇ છે જેથી આગામી સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં જોવા મળશે. ત્યારે ઉપસ્થિત પૂર્વ ધારાસભ્ય જશપાલસિંહ પઢીયારે જણાવ્યું હતું કે, પાદરા બજાર સમિતિની ચુંટણીમાં ખેડૂત સહકાર પેનલનો વિજય થયો તેઓને અમે આવકારી અભિનંદન પાઠવીએ છીએ અને આમાં કોઈ પણ પક્ષનો મેન્ડેટ આવતો નથી. સહકારી વિભાગની ચુંટણીમાં આજે દાખલો બેસાડ્યો છે.

### ખેડૂત સહકાર પેનલના વિજયી ઉમેદવારો અને તેમને મળેલા મત

સિંધા પ્રવિણસિંહ ભૂપતસિંહ - ૪૪૮, પટેલ મુકેશભાઇ કિશોરભાઇ (ઉમિયા ડેરી) - ૪૩૩, પટેલ અલ્પેશકુમાર ઘનશ્યામભાઇ - ૪૩૨, પટેલ નિતિનભાઇ શાંતિલાલ (ભગો) - ૪૨૫, પટેલ કમલેશભાઇ ડાહ્યાભાઇ - ૪૨૩, પટેલ રાજેશભાઇ અશ્વિનભાઇ - ૪૨૦, પટેલ ચંદ્રકાંતભાઇ પરસોત્તમભાઇ (ભીખાભાઇ સ્વામી) - ૪૧૮, પટેલ મયુરભાઇ દેવજીભાઇ (લાલભાઇ સાધી) - ૪૧૮, પરમાર અભેસિંહ છગનભાઇ - ૩૮૧, સિંધા વિક્રમસિંહ ચન્દ્રસિંહ - ૩૬૨.

### ખેડૂત પ્રગતિ પેનલના પરાજિત ઉમેદવારો અને તેમને મળેલ મત

ચૌહાણ પ્રદ્યુમ્નસિંહ પ્રભાતસિંહ- ૨૨૩, પટેલ હીનાબેન ભાસ્કરભાઈ- ૨૩૯, પટેલ લોમેશભાઈ શાંતિલાલ - ૧૭૭, પટેલ ચંદ્રેશભાઈ ચીમનભાઈ (લાલભાઈ) - ૨૦૮, પટેલ જગદીશભાઈ કેશવભાઈ - ૨૦૨, પટેલ મનહરભાઈ મંગળભાઈ(ભગત) - ૨૩૬, પટેલ રાકેશભાઈ કિરીટભાઈ - ૧૯૨, પટેલ સંતકમલ મગનભાઈ - ૧૮૦, રાજ ઘુવીરસિંહ મુકુંદસિંહ - ૧૯૦, રાજ રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ (પી.કે.) - ૧૭૬.\

સામે દિવાળી છતાં મંદીનો માહોલ, તહેવાર ટાણે પણ સૂમસામ બજારો

# છોટાઉદેપુર જિલ્લામાં તહેવારોના સમયે પણ ઘરાકી જોવા મળતી નથી

**તહેવાર** ઉજવવવો કે ધંધો કરવો વેપારીઓ અને ગ્રાહકોમાં મૂંઝવણ



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.18

છોટાઉદેપુર આદિવાસી જિલ્લો છે ત્યારે છોટાઉદેપુર પંથકમાં હાલ દિવાળીને માત્ર બે દિવસ બાકી રહ્યા છે પરંતુ હજુ સુધી માર્કેટમાં ઘરાકી જોવા મળતી નથી જેના કારણે વેપારીઓએ માથે હાથ મૂકીને રોવાનો વારો આવ્યો છે લોન લઈને માલ ભર્યો હોય પરંતુ ઘરાકો ન આવતા મોટાભાગના વેપારીઓ મૂંઝવણમાં મુકાઈ ગયા છે ફટાકડાના વેપારી હોય કાપડ ના હોય કે સોના ચાંદીનો વેપારી હોય દરેકની દુકાનો સુમસામ જોવા મળી રહી છે ત્યારે ઘરાકીના નીકળતા માલ ક્યાં વેચવો તેવો પ્રશ્ન ઉદભવ્યો છે.

હાલના ભાવ પ્રમાણે સોનાનો ભાવ 1 તોલો 1 લાખ 30 હજાર જ્યાં જ્યારે ચાંદી 1 લાખ 70 હજાર રૂ કિલો જેવો તોતિંગ ભાવ વધારો ચાલી રહ્યો છે. જેના કારણે હવે સોનુ ચાંદી ખરીદવું કેવીરીતે એ લોકોમાં પ્રશ્ન થઈ પડ્યો છે. હાલ કાપડની દુકાનો, ફટાકડાની દુકાનો જ્યારે અન્ય જીવન જરૂરિયાતી ચીજ વસ્તુઓની દુકાનો ઉપર ઘરાકી નો અભાવ જોવા મળી રહ્યો છે. જ્યારે હવે દિવાળી ને એકજ દિવસ વચ્ચે બાકી હોય કેમ કેમ તહેવાર ઉજવવવો કે ધંધો કરવો તેમ વેપારીઓ અને ગ્રાહકોમાં મૂંઝવણ જોવા મળી રહી છે.

### છોટાઉદેપુર ભાજપા કાર્યાલય ખાતે ધન્વંતરી પૂજન કરાયું



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.18

છોટાઉદેપુર જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ડોક્ટર સેલ દ્વારા આજરોજ ધન તેરસ અને ભગવાન ધન્વંતરી ના જન્મોત્સવ પ્રસંગે ભગવાન ધનવંતરી પૂજન નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં છોટાઉદેપુર સાંસદ જશુભાઈ રાઠવા, જિલ્લા ભાજપા પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મલકાબેન પટેલ, એપીએમસી ના ચેરમેન મુકેશભાઈ પટેલ સહિત નગર, તાલુકા અને જિલ્લા ના આગેવાનો, કાર્યકર્તા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન ધન્વંતરી નું શ્રધ્ધાભેર પૂજન કર્યું હતું.

વકીલોની રજૂઆતો પણ ના સાંભળતા હોવાના આક્ષેપ

# ડભોઈ મામલતદારની ચેમ્બર બહાર વકીલોના સૂત્રોચ્ચાર



(પ્રતિનિધી) ડભોઇ, તા.18

ડભોઈ મામલતદાર કચેરી ખાતે મુદ્દતે આવતા અસીલો સાથે વકીલોને હાજર ના રહેવા દેતા, અસીલોને મુદ્દતની જાણ ના કરાતા તેમજ વકીલો સાથે મામલતદાર અસભ્ય વર્તન કરતા હોવાનું જણાવ્યું હતું.તેમજ વકીલોની રજૂઆતો પણ ના સાંભળતા હોવાના આક્ષેપ સાથે વકીલો એ રામધુન અને સૂત્રોચ્ચારો પોકારી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ડભોઈ બાર એસોસિએશન ના પ્રમુખ આરીફભાઈ મકરાણી ની આગેવાની હેઠળ વકીલો એ સેવાસદન ખાતે આવેલ મામલતદાર પી.આર.સંગાડા ની ચેમ્બર બહાર જ પલાઠી વાળી વિરોધ પ્રદર્શન કર્યું હતું.વકીલો ના જણાવ્યા મુજબ મામલતદાર ધ્વારા મુદ્દતે હાજર રહેવા માટે અસીલો ને જાણ કરાતી નથી. જેથી કેટલાય અસીલો ન્યાય પ્રક્રિયા થી વંચિત રહે છે.જન્મ અને મરણ ના કેસો સહિત ની પ્રક્રિયા માં ચાલતી કોર્ટ ની મુદ્દતે અસીલો સાથે વકીલો મામલતદાર પી. એ.સંગાડા ની કોર્ટ માં હાજર થતા વકીલો ને ચેમ્બર માં અસીલો સાથે હાજર ના રહેવાનું ફરમાન કરાયું છે.

# જબુગામમાં હસ્તકલા રૂપે બનાવેલા માટીના કોડિયાનું વેચાણ વધ્યું

**કોડિયાઓ,** કુંડી, ઘોડાનું બજારોમાં વિશેષ આકર્ષણ



(પ્રતિનિધી) બોડેલી, તા.18

બોડેલી તાલુકાના આવેલ જબુગામ ખાતે દિવાળી પૂર્વ નિમિતે જબુગામ ગામમાં પરંપરાગત રીતે માટીમાંથી બનાવાયેલા કોડિયાઓ, કુંડી, ઘોડાનું વિશેષ આકર્ષણ જોવા મળી રહ્યું છે. સ્થાનિક કારીગરો દ્વારા હસ્તકલા રૂપે બનાવવામાં આવેલા આ કોડિયા તથા ઘોડા ગામમાં આવનારા લોકોને આકર્ષી રહ્યા છે. રંગબેરંગી ડિઝાઈન અને પરંપરાગત હસ્ત કળાની ઝલક દર્શાવતા આ માટીના કોડિયા દિવાળીના તહેવારમાં સૌના ઘરનું શણગાર બની રહ્યા છે. લોકો દિવાળી કુદરતી રીતે માટીમાંથી બનાવેલ હસ્તકલામાં કોડિયા તથા ઘોડા નો ઉપયોગ કરતા હોય છે જેથી કરીને જબુગામ પ્રજાપતિ સમાજ દ્વારા પોતાની હસ્તકલાથી બનાવવામાં આવેલ આ કોડિયા તથા ઘોડા તથા માટલા અને અન્ય ઘર વપરાશમાં સાધનો અને દિવાળી પર્વમાં ઉપયોગમાં લેવાતા સાધનોનું વેચાણ જબુગામ ખાતે ચાલી રહ્યું છે જેને લઈ લોકો ઈલેક્ટ્રીક ડેકોરેશન છોડી હસ્તકલા ની વસ્તુઓ આપનારી પોતાના ઘરને શણગારશે અને દિવાળી પર્વની ખૂબ જ ઉત્સાહક પૂર્વક ઉજવણી કરશે.

ધનતેરસે લક્ષ્મીજીનું પૂજન તથા સોના ચાંદીના દાગીના ખરીદી કરવાનું અનેરુ મહત્વ

# સંખેડામાં ધનતેરસે સોના ચાંદીની ખરીદી માટે મોટી સંખ્યામાં ગ્રાહકો ઉમટી પડ્યા

**જ્વેલર્સો** દ્વારા સોનાના ઘરેણા પર ડિસ્કાઉન્ટ ઓફર રાખવામાં આવી હતી



(પ્રતિનિધી) સંખેડા, તા.18

સંખેડા નગરમાં ધનતેરસના દિવસે સોના ચાંદીની ખરીદી માટે ભારે ભીડ જ્વેલર્સની દુકાનોમાં જામી હતી. ધનતેરસ નિમિત્તે છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં આવેલ જ્વેલર્સ ખાતે સોના ચાંદી દાગીનાની ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં ગ્રાહકો ઉમટી પડ્યા હતા ધનતેરસે લક્ષ્મીજીનું પૂજન તથા સોના ચાંદીના દાગીના ખરીદી કરવાનું અનેરુ મહત્વ હોય છે સાથે જ તે ફળદાયુ નીવડે છે ત્યારે ધન તેરસ નિમિત્તે સંખેડામાં આવેલ જ્વેલર્સના શોરૂમમાં સોના ચાંદીના દાગીના અનેક ચીજ વસ્તુઓની ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી.

એક જ્વેલર્સ સંચાલકે જણાવ્યું હતું કે સોના-ચાંદીની વસ્તુ ખરીદી કરવા સવારથી ગ્રાહકો ઉમટી પડ્યા હતા. તેમાં કેટલાક જ્વેલર્સ દ્વાર ડિસ્કાઉન્ટ અને ઓફર રાખવામાં આવી હતી.

# શિનોરમાં નાગરિક બેંકના વ્યવસ્થાપક મંડળ દ્વારા લક્ષ્મીપૂજન કરાયું



(પ્રતિનિધી) શિનોર, તા.18

શિનોર મુકામે આજે ધનતેરશના શુભ દિને નાગરિક બેંકના વ્યવસ્થાપક મંડળ દ્વારા માં લક્ષ્મીમાતાની પૂજા બેન્કના વહીવટી બોર્ડના હસ્તે કરવામાં આવી હતી.આ પ્રસંગે બેંકના મેનેજર સહિત સ્ટાફ કર્મચારી અને તમામ ડિરેક્ટર ઉપસ્થિત રહી પૂજા અર્ચનાનો લાભ લીધો.

શિનોર મુકામે આવેલ ધી શિનોર નાગરિક સહકારી બેંક નો વહીવટ સભાસદો ના સહયોગ થી દિવસે ને દિવસે પ્રગતિ ના પંથે આગળ વધી રહી છે. આ બેંક માં દર વર્ષે ધનતેરશ ના શુભ દિને મહાકાલી, લક્ષ્મીમાતા, અને મહા સરસ્વતી માતા ની પૂજા અર્ચના કરવામાં આવે છે. આજે ધનતેરશ ના શુભ દિને પૂજા અર્ચના ભૂદેવ નિલેશ મહરાજ દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચાર સાથે કરવામાં આવી હતી. આ વર્ષે ગામના આગેવાન સચીન પટેલ ના હસ્તે પૂજન કરવામાં આવ્યું હતું.

**શ્રી એ.કે.મોટવાલ (ઇ.ચા.) મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સંખેડા તાલુકાની કોર્ટ**

જન્મ/મરણ નોંધણી અરજી નં.૧૫૬/૨૦૨૫

અરજદાર : સોલંકી જયરાજસિંહ જશવંતસિંહ રહે. સિંહાદ્રા, તા. સંખેડા, જિ. છોટાઉદેપુર

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, વાસણા જુથ ગ્રામ પંચાયત, તા. સંખેડા, જિ. છોટાઉદેપુર

**જાહેર નોટીસ**

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઇસમોને આપી જણાવવાનું કે અરજદારના સગા પોતે નામે સોલંકી જયરાજસિંહ જશવંતસિંહ નું જન્મ તા.૨૧/૦૩/૨૦૦૧ના રોજ મુ. સિંહાદ્રા, તા.સંખેડા, જિ.છોટાઉદેપુર મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતર ખાતે કરવાની રહી ગયેલ હોઈ જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળ ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તારીખ- ૧૭/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એ.કે.મોટવાલ)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
ઇ.ચા.મામલતદાર સંખેડા

**જાહેર નોટીસ** **મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી,નસવાડીની કોર્ટમાં**

અરજદાર : પરમાર સોમસિંહ અમરસિંહ, રહે.કંડવા તા.નસવાડી જિ.છોટાઉદેપુર

વિરૂદ્ધ

જન્મ/મરણ નોંધણી કેસ નંબર :-૨૬૫૩/૨૦૨૫

સામાવાળા : રજિસ્ટ્રારશ્રી,જન્મ-મરણ અને તલાટી કમ મંત્રીશ્રી, કંડવા ગ્રામ પંચાયત. તા. નસવાડી જિ.છોટાઉદેપુર

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ,૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળ જન્મની નોંધણી અન્વયે**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, નીચે આપેલ પત્રકમાં કોલમ નં.(૩) મુજબના અરજદારશ્રીએ કોલમ નં.(૨)માં દર્શાવેલ તારીખની અરજીથી પત્રકમાં કોલમ નં-(૫) મુજબના સંબંધી માટે તેમના ભાઈ પરમાર ચન્દ્રસિંહ અમરસિંહ તેઓની જન્મની તારીખ ૦૧/૦૬/૧૯૫૦ કંડવા ગામે તા.નસવાડી જિ.છોટાઉદેપુર ખાતે થયેલ હોવાનું અને તે બાબતની નોંધણી જે-તે વખતે શરતચૂકથી રહી ગયેલ હોઇ તે સામાવાળાના દફતરે કરાવવા વાસ્તે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. સદરહું અરજી સામે કોઈ વાંધા યા તકરાર હોય તો તેઓએ તેમની આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૩૦ માં અત્રેની અદાલતમાં કામકાજના દિવસોએ બપોરે ૧૨.૦૦ કલાકે જાતે અગર વકીલશ્રી મારફતે હાજર થઈ લેખિતમાં વાંધા રજુ કરવા.જો તેમ કરવામાં કસુર થશે અને કોઈના વાંધા આવશે નહિતો અરજદારનો પુરાવો ધ્યાને લઈ નામદાર કોર્ટ અરજી અંગે આગળની કાર્યવાહી હાથ ધરશે,જેની લાગતા વળગતા તમામ ઇસમોએ નોંધ લેવી.

આજ તારીખ ૧૦ ઓકટોબર ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(વી.ડી. સિસોદીયા) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નસવાડી

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

**પેપરની પસ્તીના**
રૂપિયા ૧૮ કિલોના, શિવકૃપા ડિસ્પોઝેબલ, રાંદેર રોડ, હાઉસિંગમાં. 9426394294 સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**PRESIDENT PEST CONROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

મિલ્કત વેચવાની છે

**દુકાન વેચવાની છે**
પાલનપુર જકાતનાકા ચાર રસ્તા પાસે મેઈન રોડ 7069680008 (539)

**Flat Sell**
6 બેડરૂમ પર્વત પાટિયા Flat Rent 3 બેડરૂમ વેસુ 9824141999

**વેસુ 4 પોઈન્ટમાં**
ફુલ્લી ફર્નીશ્ડ ઓફિસ વેચાણથી આપવાની છે. 35 લાખમાં, 9377889912

**ભટાર રોડ**
રોડ 2 BHK 1335 ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે.9825088402, 9825919637

**મકાન વેચવાનું R.C.C**
ત્રણ માળ 32 લાખ આસપાસ મંદિર. 8488968543

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ઓમશિવ ટ્રાવેલ્સ**
ભાઈબીજ- 23, 29(જોધપુર, જેસલમેર, સમડેઝર્ટ, જૂનારણુજા) (પંચમઢી, અંજટા, ઈલોરા, ધૃષ્ણેશ્વર) 27, 29, અને 1 (ઉજ્જૈન, ઓમકારેશ્વર, માંડુ, શિહોર) (મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા) (સારંગપુર, વિરપુર, ચોટીલા, મોઢેરા, અંબાજી) દરરોજ રાત્રે શીર્ડી, નાસિક, શનિદેવ, ત્ર્યંબકેશ્વર, સપ્તશૃંગી. ખરવરશેરી, ભાગળ, સુરત.-9537838949, 9327199997

**કોર્પોરેટ ઓફિસ માટે**
પીલર લેસ મોટા હોલ કોમર્શિયલ જગ્યા ભાડે આપવાની છે. કોર્પોરેટ દલાલોએ સંપર્ક કરવો. સ્થળ: રીંગરોડ મો.નં. 6353472781

**AUM TOURS**
(સંપૂર્ણ સૌરાષ્ટ્ર 7 દિવસ 23-10) (રોયલ રાજસ્થાન 9 દિવસ 23-10) (કચ્છ રણોત્સવ 5 દિવસ 24-10, 31-10) (ઉદયપુર, શ્રીનાથજી, ચિત્તોડગઢ, માઉન્ટઆબુ 7 દિવસ, 23-10, 27-10) 7878674257.

**INDUSTRIAL LAND**
Industrial NA Land for Sale At Vapi (N.H.), Highway Touch- Ready Possession.
CONTACT: 9869008022

**જૂના જાણીતા રાજુ**
મોદી કેરેલા, કન્યાકુમારી, રામેશ્વરમ, કોડઈકેનાલ, જટાયુ, બાહુબલી ફોલસ, 24 ઓક્ટોબર, દિવસ 13, 9374512979 (538)

**શ્રીધામ ટ્રાવેલર્સ.**
રોયલ રાજસ્થાન, 9 દિવસ, 24/ 10, 13,500/- અડાજણ, સુરત. 9512991300, 8160646008.

**દિવાળી પ્રવાસ**
પ્રથમ ટ્રાવેલ્સ. જયપુર, ખાતુશ્યામ, ઉદયપુર, શ્રીનાથજી, આબુ. વિજય પારેખ- કતારગામ. 9825344459.

નોકરી વિષયક

**ભ.ડી.સે.કો.બેંક**
રેલ્વે સ્ટેશન સામે ભરૂચમાં સી.બી.એસ ઉપર કામ કરી શકે તેવા બે એકાઉન્ટ ઓફિસરની જગ્યા ભરવાની છે. દિન- ૫ માં અરજી કરવી. ચેરમેન (537)

**અડાજણમાં ટ્રાવેલ**
ઓફિસ માટે પર્સનલ સેક્રેટરી જોઈએ છે. MO- 8160017181

**હેલ્પર જોઈએ છે**
જેને કાપડનો અનુભવ હોય, કોટ- પેન્ટ, શર્ટ- પેન્ટ, શેરવાની અને કસ્ટમર હેન્ડલ કરી શકે તેવા અનુભવી માણસ જોઈએ છે શોરૂમનો ટાઈમ છે. સવારે 11થી લઈને રાત્રે 10 વાગ્યા સુધી. Irfan Motiwala, ચોક બજાર જુમ્મા મસ્જિદ, સુરત મોબાઈલ. 9825139287

**REQUIRED**
Floor Manager/ Coordinator (Female) - 2 Vacancies (English, Hindi, Gujarati required) Ward Boy/Patient Attendant - 1 Vacancy For a radio diagnostic imaging center in Adajan. Best of the class salary; first preference for experienced Call on 9537221223 from 6 to 8 pm

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*